## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

બેફામ છે દલાલો, સરકારી તિજોરી સોદે છે,
કોર્ટ શું કરી લેવાની? કાયદો એમની ગોદે છે
રોંદે છે બંધારણને પી જાય પધ્ધતિ-પ્રક્રિયા -
બાપુ કી મિલ્કત સમજી ખાણ-ખનીજ ખોદે છે..
(કરોડોનું કોલસા કૌભાંડ)

**હાઈકુ**

ખાય ગૂલાંટો
પતન પહેલાંની -
'એર ઇન્ડિયા'
(બન્ને પક્ષે જીદ્દી વલણ)

ભીરૂ સમાજો -
દોડે છે દિશા-શૂન્ય
સૂકાન વિના..
(પધ્ધતિસર સંચાલનની જરૂર)

### ચિંતન

**કો ન યાતિ વશં લોકે મુખ પિંડેન પૂરિતઃ ।**
**મૃદંગો મુખલેપેન કરોતિ મધુર ધ્વનિમ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :-

'અન્નના (ધનના) કોળિયાથી જેનું મોઢું ભરી દેવામાં આવે તો એવો કયો માણસ છે કે જે વશ થતો નથી? (અર્થાત ધન-પૈસો-લાંચ દ્વારા જેનું મોંઢુ-પેટ ભરી દેવામાં આવે તે વશ થઇ જાય છે) દાખલા તરીકે જે નિર્જીવ છે એવાં મૃદંગ અને તબલાં પણ એના મુખ પર લેપ લગાડવાથી તેનો અવાજ મીઠો મધુર થઇ જાય છે.'

આજકાલ ઘણા બધા મુખ્યમંત્રીશ્રીઓ અને પ્રધાનશ્રીઓ કેગ-લોકાયુક્ત-અને સીબીઆઇનાં સકંજામાં છે. ખાયકી કરે લાભ લેનારા એમનાં મોઢામાં 'કમિશન' નો ડૂચો ભરાવી દે એટલે કાયદા વિરૂધ્ધ હોય છતાં કોઇ બોલતું નથી.

ચોર-લૂંટારા-ગુન્હેગારો-દારૂની હેરાફેરી કરનારા બધા પોલીસના હપ્તા ભરી તેમનું મોઢું બંધ કરી નાખે અને છૂટથી તમામ ગોરખધંધા ચાલે - ચાલવા દે છે.

ટોચથી તળિયાં સુધી આ મુખ ભરવાની પધ્ધતિ હવે નિયમ કે કાયદો જેવાં થઇ ગયા છે. કેટલીક કચેરીઓમાં તો કામનાં મહત્ત્વ પ્રમાણે ભાવ-પત્રક જ નિશ્ચિત હોય છે.

મોઢું બંધ કરવા કે હાથથી ચળ ભાંગવા લાંચ નો કોળિયો હવે જરૂરિયાત થઇ ગયો છે.

### સુવિચાર

- મનને ખુશ રાખવું એ એક વાત છે, અને ખરેખર ખૂશ હોવું એ બીજી વાત છે - **બુધ્ધ**
- જે લોકો એક ને એક વાતને એક વખત સાચી અને બીજી વખત ખોટી કહે છે તે સત્યથી અતિશય દૂર વસતા હોય છે - **સોક્રેટિસ**
- નીતિ, વૈયક્તિક તરંગો કે લાગણીઓ પર નહીં પરંતુ તર્ક સંગત બુધ્ધિ પર આધારિત હોવી જોઇએ - **પ્લેટો**
- પોતાની પાસે જે ધન છે તેનાથી જ જે સંતુષ્ટ છે તેને માટે સ્વર્ગ અહીં જ છે - **ચાણક્ય**
- પ્રતિષ્ઠા એ સદ્‌ગુણોનો પુરસ્કાર છે - **સિસેરો**
- જીવન એ ઇશ્વરની ભેટ છે, અને સારી રીતે જીવવું એ તત્ત્વજ્ઞાનની ભેટ છે - **સેનેકા**
- મૂર્ખ મિત્ર કરતાં શાણો શત્રુ હજાર દરજ્જે સારો - **તિરૂવલ્લુવર**

### બોધકથા

ખાયકી અને કૌભાંડનાં ગુન્હામાંથી અનેક દબાણો-લાગવગથી જેલમાંથી જામીન પર છૂટ્યા તો પણ મી.રાજા જાણે 'શહિદી' ના સર્ટીફીકેટ સાથે છૂટ્યા હોય એમ કાર્યકરોના સ્વાગત, ફટાકડા અને નૃત્યોના આનંદ માણવા લાગ્યા છે, આમ નાક-શરમ-જેવું કયાં છે?

દેશની આઝાદી માટે - સુભાષચંદ્ર બોઝ દક્ષિણ ભારતની કોઇ જેલમાં હતા. ત્યાંનું હવામાન તેમને માફક ન આવતાં બિમાર પડ્યા. બિમારી વધી ગઇ. સારવાર કરતાં ડોકટરે રિપોર્ટ આપ્યો. માંડલેની (જેલ)નું ભેજવાળું વાતાવરણ શ્રી બોઝને માફક આવતું નથી. બિમારી વધી ગઇ છે. ન કરે નારાયણ એમને કંઇ થઇ જશે તો સરકારની મોટી વગોવણી થશે.

અંગ્રેજી સલ્તનત તેમણે સ્વીટ્‌ઝરલેન્ડ મોકલવા ઠરાવ્યું. સુભાષબાબુને વિદેશ જવાનું સ્વીકાર્ય ન હતું. સુભાષબાબુ એ ગવર્નરને પત્ર લખ્યો :-

'પ્રાણ બચાવવા ખાતર પરદેશ જવાનું મને સ્વીકાર્ય નથી. એના કરતાં તો મા ભોમના ખોળામાં જ શાંતિથી મરણ પામવાનું હું વધુ પસંદ કરીશ. અમારા જેવા યુવાનો દેશની આઝાદી માટે ભલે રિબાઇને જેલમાં જ મૃત્યુ પામે પણ અમારા વિચાર કદી મરવાના નથી. સરકાર અમને જેલમાં પૂરી મારી શકે છે પણ અમારા વિચાર સદા જીવંત અને અમર રહેવાનાં જ છે. અમે નહીં તો અમારી ભાવિ પેઢી સ્વાતંત્ર્ય અપાવશે.'

બ્રિટીશ સરકારે સુભાષ બાબુને બીન શરતી છોડી મૂક્યા.

# પ્રજા પેટ્રોલ ભાવવધારામાં રાહત માંગે છે

**તંત્રી સ્થાનેથી...**

પેટ્રોલમાં કમરતોડ ભાવવધારાએ સમગ્ર દેશને હચમચાવી નાંખ્યો છે. એક સાથે સાડા સાત રૂપિયાનો વધારો એ મધ્યમવર્ગીય સમાજ માટે મોટો બોજ ઉભો કર્યો છે. પેટ્રોલ - ડીઝલ પરિવહનના મહત્ત્વના અંગો છે, એ વાત સાચી છે. આંતરરાષ્ટ્રીય બજાર સાથે સંલગ્ન છે, એ વાત પણ સાચી છે, અને ડૉલરની સામે રૂપિયાને ટકાવવો છે, એ પણ એટલી જ સાચી વાત છે. આમ છતાં એક સાથે સાડા સાત રૂપિયાનો વધારો દેશવાસીઓને બોજનાં ડુંગર નીચે ભીંસાવી દેશે એમ લાગે છે. ચારે તરફથી હાહાકાર મચી રહ્યો છે. રાજકીય પક્ષો અને નેતાઓ નિવેદનો ઉપર નિવેદનો ફટકારે છે. એનડીએ એ ૩૧મીએ ભારત બંધનું એલાન આપ્યું છે. ડાબેરી પક્ષો પણ જંગમાં ઉતરી રહ્યા છે. મહાનગરો અને નગરોમાં ઉગ્ર દેખાવો થઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર એટલે કે યુપીએ-૨ માટે વધુ એક ચિંતાનું મોજું ઊભું થયુ છે. કોંગ્રેસ અને સાથી પક્ષો સામે ઉગ્ર જન આક્રોશ ઉભો થઈ રહ્યો છે. હાલમાં કેન્દ્ર સરકારની લોકપ્રિયતા તળીયે પહોંચી રહી છે.

આપણા દેશમાં ૭૭.૫૦ પૈસે મળતું પેટ્રોલ આપણા આસપાસનાં દેશોમાં કેટલું સસ્તુ છે, તેનો પણ વિચાર જરૂરી છે. પાકિસ્તાનમાં ૫૩ રૂપિયે, શ્રીલંકામાં ૬૧ રૂપિયે અને નેપાળમાં ૬૩ રૂપિયે લીટર પેટ્રોલ મળે છે. આપણા દેશમાં ૪૪ રૂા. પેટ્રોલની મૂળભૂત કિંમત છે. જેના પર ૨૯ રૂા. ના ટેક્સ ઉમેરાય છે. આપણે જોઈ શકીએ છીએ કે વેચાણ કિંમતના ૪૦ ટકા ટેક્સ પેટે ચૂકવવા પડે છે. તો આપણા આસપાસના દેશોમાં ટેક્સનું પ્રમાણ ઓછું છે. પાકિસ્તાનમાં ૨૫ ટકા, શ્રીલંકામાં ૨૩ ટકા અને નેપાળમાં ૩૦ ટકા ટેક્સ વસૂલાય છે. આ આંકડાઓ પરથી ફલિત થાય છે કે સરકાર ધારે તો ઓછી કે વ્યાજબી ભાવે પેટ્રોલ આપી શકે એમ છે. યુપીએ સરકારને રાજકીય ઈચ્છાશક્તિ હોય તો દેશનાં મધ્યમવર્ગીય સમાજને રાહત આપી શકાય એમ છે, અને આપવી જોઈએ.

## હજારો અગ્નિશિખાઓ સાથે આકાશમાં તાંડવ કરતો સૂરજ... સવારમાં આકાશમાં લપસી જતો અને બપોરે હઠથી - ન ખસવાથી જિદ્દ સાથે બેસી જતો સૂરજ!

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

**યે મૌસમ કા જાદૂ હૈ મિતવા...**

આજકાલ કૉલ્ડ કૉફીની મૌસમ ચાલી રહી છે. ધ કૉફી હાઉસમાં... ધૂપ ખુલ્લેઆમ બેખોફ રસ્તાઓ પર ઘૂમી રહી છે. વૃક્ષોનાં પડછાયા ખામોશીથી એકબીજા સામે જોઇ રહ્યાં છે... અને આ સાઈલેન્ટ સિમ્ફનીમાં પરિન્દાઓ કયારેક ટહુકી ઉઠે છે. અને બંધ પડી ગયેલું હૃદય અચાનક જ એક ધબકાર કરી નાખે - એક મીટ આપીને ચૂપ થઈ જાય એમ મૌસમ પાછું ખામોશ થઈ જાય છે...!

ગરમીનું એક દાહક સૌંદર્ય છે... સળગતી બપોરોનું પોતાનો રોમાંસ છે - રોમાંસ છે અને જાલિમ તકડાનો પોતાનો મિજાજ છે. કરોડો કિલોમીટર દૂર ત્યાં અવકાશમાં સૂરજનાં દિલમાં - કેન્દ્રમાં ભીષણ હલચલ મચી છે - હજારો અગ્નિશિખાઓ સાથે આકાશમાં તાંડવ કરતો સૂરજ... સવારમાં આકાશમાં લપસી જતો અને બપોરે હઠથી - ન ખસવાથી જિદ્દ સાથે બેસી જતો સૂરજ!

પાટનગરના માર્ગો પર ગરમાળાનાં પીળા મચલતાં રંગોનું રંગ સામ્રાજય છે અને પોતાને સંકેલીને બેસી ગયેલી છે અને પોતાને સંકેલીને બેસી ગયેલા બારી અને બારણાનું પોતાનું અલાયદુ બંધ સામ્રાજય છે... બંદ ઘરોની ભીંતર સૂતા છે લોકો, ચેનથી - બેચેનીથી - વારેગડીયે પંખા સામે જોતા અને વિચારતા કે પંખો આનાથી 'ફાસ્ટ' નથી ફરી શકતો? સૂતા છે લોકો, આંખો બંધ કરીને કરવટ બદલતાં અને અટકી ગયેલી ઘડિયાલો સામે બેબસ નજરોથી જોતા સૂતા છે સામે બેબસ નજરોથી જોતા સૂતા છે લોકો, બાજુમાં પડેલા રિમોટને હાથમાં લઈને બટનો વડે કંટાળાને બદલતાં...! સૂતા છે લોકો, એક કન્ડિશનની સિન્થેટીક હવાઓની વચ્ચે રજાઈઓને ઓઢતા! સૂતા છે લોકો!

અને જાગતા છે લોકો... ડામરની કાચી સડકો પર કયાંકથી મળેલા ચપ્પલો પહેરીને માટી ખોદતા...! જાગતા છે લોકો... નવી બનતી ઈમારતો માટે આવેલી ઈંટોને ટ્રકો અને ટ્રેકટરોમાંથી માથે ઉપાડતા...! જાગતા છે લોકો... દરેક ઘરમાં બારણાઓ પર 'ટકોરા' નો વેપાર કરી વસ્તુઓ વેચતા ને પોતાની જિંદગી ખરીદતા...! જાગતા છે લોકો... ઓફિસિયા કાગળોનો જથ્થો સાયકલના સ્ટેન્ડ પર ભરાવીને ઝેરોક્ષ કરાવવા નીકળતા...! જાગતા છે લોકો... યુનિવર્સિટીની પરીક્ષા આપીને બસ સ્ટેન્ડે રાહ જોતા... જાગતા છે લોકો, સૂતા છે લોકો!

ગરમી આપખુદ છે - ખુદ મુખ્તાર છે - સામ્રાજયવાદી છે - જાલિમ છે - પણ જરૂરી છે... કુદરતમાં વિખરાયેલાં અચરજ અને આશ્ચર્યો માટે... શીતળતાનું મહત્વ સમજવા માટે... અંધકારને પ્રેમ કરવા માટે... પડછાયાઓ સાથે રમવા માટે... પાણીની થોડી બુંદો માટે તરસવા માટે....છાપાઓમાં છપાયેલા સેલ્સિયસમાં આંકડાઓ જોવા માટે... અગાશી પર ઉતરી આવેલાં આસમાનને આંખોમાં ભરવા માટે... શેરડીનાં રસ અને આઈસ્ક્રીમની 'પાર્ટી' માટે... એલ.ટી.સી.માં ફરવાનો 'પ્લાન' કરવા માટે... નાના-નાના બાબાઓ અને નાની-નાની બેબીઓનાં ચહેરાઓ પર પાવડર લગાવવા માટે... થોડાક મોટા થઈ ગયેલા અને તો પણ મોટા ન થયેલા બચ્ચાઓને એક્ટિવિટી કેમ્પમાં મૂકવા માટે... સાંજ પડ્યે નાની ગલીઓમાં 'ફૂલ-રેકેટ' રમવા માટે અને થોડા નાની કહી શકાય એવા મોટા અને કયાંક ઘણાં મોટા કહી શકાય એવા નાના મેદાનોમાં ક્રિકેટ રમવા માટે... રાત પડ્યે પાસેનાં બગીચાઓમાં બેસવા માટે... કમોસમી વરસાદ જેવા ફાઈનલ એકઝામની રિઝલ્ટની રાહ જોવા માટે... ફૅસબુક પર ''ઈટ્‌સ સૉ હૉટ'' 'બોરડ' જેવા સ્ટેટસ અપડેટ કરવા માટે... ચા પીતા-પીતા 'ગ્લૉબસ વૉર્મિંગ' ની ચર્ચાઓ કરવા માટે... બેબાકળા તરસ્યા જીવો, પાણીની પરબો, ખાલી રસ્તાઓ, સૂકાયેલા વૃક્ષો, પાણી પીતી કાબરો, વેચવા માટે લટકાયેલી રોડસાઈડ ટોપીઓની દુકાનો, અછતવાળા ગામોમાં પાણીનાં ટેન્કરો, વૉટર પાર્કનાં કલૉરીનેટડ પાણીમાં નહાતી છોકરીઓ અને ગામનાં તળાવનાં કૂદતા છોકરાઓનાં ફોટા છાપવા માટે... ગરમી જરૂરી છે.

દરેક મોસમનો પોતાનો રુતબો હોય છે... રૂઆબ હોય છે... રૂઆબ હોય છે! મોસમમાં બદલાય એ ભૌગોલિક ઘટના છે - ખગોળીય પણ ખરી! એ આધાર રાખે છે - હવાઓનાં રૂખનો, સમંદરીય પવનનો, ધરતીની ઝુકાવનો, સૂરજ સાથેનાં અંતરનો અને હવે માણસની ગતિવિધિઓનો...!! ઉનાળો એ પ્રકૃતિનો આલાપ છે... તીવ્ર... સતત અને કઠોર! ઉનાળો એ 'પ્રકોપ' નથી... પણ મોસમનું - કુદરતનું જ એક સ્વરૂપ છે... એ બતાવે છે માણસની મર્યાદાઓને... એ બતાવે છે જે કુદરત પાસે સર્જનની ક્ષમતા છે, તે વિધ્વંસની પણ એટલી જ તાકત ધરાવે છે... વર્ષો સર્જક છે - શિયાળો સંવર્ધક અને ઉનાળો સંહારક! કોસ્મિક સિમ્ફનીનો ટ્રેબલ સાઉન્ડ... યે મોસમ કા જાદુ હૈ મિતવા!

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૫મી મે**

- સુપ્રસિધ્ધ તત્વચિંતક જે. કૃષ્ણમૂર્તિનો જન્મદિન. શિક્ષણ-સંસ્કાર પરના એમના ગ્રંથોએ વિશ્વભરમાં બૌધ્ધિકોને એક નવી જ રચનાત્મક જીવન કેળવણીનો પરિચય કરાવ્યો.
- ૧૪૫૮માં સુલતાન મહમૂદ બેગડો ૧૩ વર્ષ ૨ માસની વયે ગાદીએ બેઠો.



- ૧૫૦૬ ની ૨૫મી મે એ કોલંબસનું અવસાન થયું.



- સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલનું અવસાન - ૧૯૯૮.

# કોલારની સોનાની ખાણ કયા રાજયમાં આવેલી છે?

### વિષય : વિશ્વની ભૂગોળ

(૧) બ્લાડિવાસ્કોટથી લેનિનગ્રાડને જોડનારો દુનિયાનો સૌથી લાંબો ટ્રાન્સ સાયબેરિયન રેલ્વે માર્ગની લંબાઈ કેટલી છે?
(અ) ૭૬૦૦ કિ.મી. (બ) ૬૫૦૦ કિ.મી.
(ક) ૮૮૦૦ કિ.મી. (ડ) ૯૫૦૦ કિ.મી.
(૨) કયા દરિયાઈ ક્ષેત્રમાં વહાણોની અવર-જવર વધુ થાય છે?
(અ) પેસેફિક મહાસાગર (બ) એટલાન્ટિક મહાસાગર
(ક) હિન્દ મહાસાગર (ડ) ત્રણેમાંથી એક પણ નહીં
(૩) ઔદ્યોગિક દષ્ટિએ એશિયાનો સૌથી વિકસિત દેશ કયો છે?
(અ) ચીન (બ) ભારત (ક) જાપાન (ડ) સિંગાપુર
(૪) વિશ્વનું સૌથી વધુ વ્યસ્ત રહેતું હવાઈ મથક કયું છે?
(અ) લંડન (બ) પેરિસ (ક) ન્યૂયોર્ક (ડ) કલકત્તા
(૫) વિશ્વનું સૌથી મોટું રેલ્વે જંકશન કયું છે?
(અ) મોસ્કો (બ) ન્યૂયોર્ક (ક) લંડન (ડ) બર્લિન
(૬) કયા દેશમાં ખનિજ તેલના સૌથી વધુ ભંડાર છે?
(અ) અમેરિકા (બ) ઈરાક (ક) કુવૈત (ડ) સાઉદી અરેબિયા
(૭) ભારતનો સૌથી લાંબો રેલ્વે હિમસાગર એક્સપ્રેસ કયા બે શહેરોને જોડે છે?
(અ) જમ્મુ-તિરૂવનંતપુરમ્ (બ) કન્યાકુમારી-જમ્મુ તાવી
(ક) દિલ્હી - ચૈન્નાઈ (ડ) ઓખા - ગુવાહાટી
(૮) વિશ્વના કયા શહેરની વસ્તી સૌથી વધુ છે?
(અ) ન્યૂયોર્ક (બ) મુંબઈ (ક) લંડન (ડ) ટોકિયો
(૯) કોલારની સોનાની ખાણ કયા રાજયમાં આવેલી છે?
(અ) બિહાર (બ) કર્ણાટક
(ક) મધ્યપ્રદેશ (ડ) આંધ્રપ્રદેશ
(૧૦) વિશ્વમાં સૌથી મોટો બંધ કયો છે?
(અ) હિરાકુંડ (બ) આસ્વાન
(ક) ભાખડા નાંગલ (ડ) વ્યાસ
(૧૧) એશિયાનું સૌથી પહેલું વિન્ડ ફાર્મ કયાં સ્થાપવામાં આવ્યું છે?
(અ) ગુજરાત (બ) ઓરિસ્સા (ક) મહારાષ્ટ્ર (ડ) કર્ણાટક
(૧૨) વિશ્વમાં સૌથી વધુ સોનું કયા દેશમાં મળે છે?
(અ) ચીન (બ) અમેરિકા (ક) દક્ષિણ એશિયા (ડ) ભારત
(૧૩) કયા સમુદ્રનું પાણી સૌથી વધુ ખારું છે?
(અ) પેસેફિક (બ) હિન્દ મહાસાગર
(ક) રાતો સમુદ્ર (ડ) એટલેન્ટિક મહાસાગર
(૧૪) ભારતની કઈ નદી પશ્ચિમ તરફ વહે છે?
(અ) નર્મદા (બ) ગોદાવરી (ક) કૃષ્ણા (ડ) કાવેરી
(૧૫) કયો દેશ માછીમારીનો દેશ કહેવાય છે?
(અ) જાપાન (બ) ચીન (ક) રશિયા (ડ) નૉર્વે




### ● વિવિધા ●

વિષય :- દક્ષિણ અમેરિકા ખંડના દેશો, રાજધાની અને વિસ્તાર

| દેશ | રાજધાની | વિસ્તાર (હજાર ચો.કિ.મી) |
|---|---|---|
| આર્જેન્ટિના | બુએનોસ એસિસ | ૨૭૮૦ |
| એક્વાડોર | કિટો | ૨૭૦ |
| કોલંબિયા | બોગોટા | ૧૧૪૧ |
| ગયાના | જયોર્જ ટાઉન | ૨૧૫ |
| ચિલી | સાન્ડિયાગો | ૭૭૫ |
| પેરૂગ્વે | આસુનસ્યોન | ૪૦૭ |
| પેરૂ | લીમા | ૧૨૮૫ |
| બોલિવિયા | લાપાઝ | ૧૦૯૯ |
| બ્રાઝિલ | બ્રાઝિલિયા | ૮૫૧૨ |
| વેનેઝુએલા | કારાકાસ | ૯૧૨ |
| ઉરૂગ્વે | મોન્ટેવિડીયો | ૧૭૬ |
| સુરિનામ | પારામારીઓ | ૧૬૪ |
| ત્રિનિદાદ અને ટબેગો | સ્પોર્ટ ઑફ સ્પેઈન | ૫ |

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ - તાજેતરમાં અમેરિકાના કયા મંત્રી ભારતના પ્રવાસે આવ્યા હતા?**
**જવાબ - હિલેરી ક્લિન્ટન**

### સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ૬૨૦/૧, સે-૬બી
(૪) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૫) હાર્દિક. આર. મકવાણા : સે-૨૩
(૬) પટેલ. આકાશ. જી : સે-૨૩

### પૂછું એક સવાલ...?

(૧) વ્યાસ. કેતન. એલ : સે-૨૪થી
પ્રશ્ન - જર્મની દેશનું હેમ્બુર્ગ શહેર કઈ નદીના કિનારે વસેલું છે?
જવાબ - એલ્બ
(૨) પટેલ. મેઘા. એમ : સે-૨૩થી
પ્રશ્ન - બ્રિટને ચીનને સોંપેલું અગત્યનું બંદર કયુ?
જવાબ - હોંગકોંગ
(૩) તન્વી. એસ. પરમાર : સે-૨૮થી
પ્રશ્ન - વિશ્વનું કયુ સ્થળ યુરોપનું કોકપીટ કહેવાય છે?
જવાબ - બેલ્જિયમ
(૪) વિપુલ. ડી. જાદવ : સે-૩૦થી
પ્રશ્ન - કિંગ લિયરના સર્જક કોણ હતા?
જવાબ - વિલિયમ શેક્સપિયર
(૫) પંચાલ વનિતા. એ : સે-૨૭થી
પ્રશ્ન - પેરાશુટની શોધ કોણે કરી હતી?
જવાબ - ફ્રાન્સના વૈજ્ઞાનિક એ.જે. ગાનીરેને ઈ.સ. ૧૭૯૭ માં.

### આ સપ્તાહનો સવાલ...?

**ગુજરાતમાં સક્રિય રાજકીય પક્ષ મહાગુજરાત જનતા પાર્ટીના હાલ અધ્યક્ષ કોણ છે?**

(અનુસંધાન પાના નં. ૬ પર)

### ચાર સ્ત્રીઓ-પુરૂષો

એક મુસાફર હતો. એક દિવસ ચાલતો ચાલતો જઈ રહ્યો હતો. રસ્તામાં એક પછી એક એમ ચાર સ્ત્રીઓ મળી.

મુસાફરે પહેલી સ્ત્રી મળી અને પૂછ્યું, 'બહેન તારું નામ શું છે?'

'મારું નામ બુધ્ધિ છે.' તેણે જવાબ આપ્યો.

'હું મનુષ્યના મગજમાં રહું છું.' સ્ત્રીએ જવાબ આપ્યો.

આગળ જતાં બીજી સ્ત્રી મળી તેને પણ એ જ પ્રશ્નો મુસાફરે પૂછ્યા. તો સ્ત્રીએ કહ્યું, 'મારું નામ હિંમત છે હું માણસના હૃદયમાં રહું છું.'

આગળ જતાં ચોથી સ્ત્રી મળી તેણે કહ્યું,

'હું તંદુરસ્તી છું હું માણસના પેટમાં રહું છું.'

થોડેક આગળ જતાં મુસાફરને ચાર પુરૂષો મળ્યા. તેમને પણ મુસાફરે એ જ પ્રશ્નોત્તરી કરી.

તારું નામ શું છે ભાઈ? તું કયાં રહે છે?

'મારું નામ ગુસ્સો છે હું માણસના મગજમાં રહું છું.'




'પણ મગજમાં તો બુધ્ધિ રહે છે.' મુસાફરે દલીલ કરી. ત્યારે પહેલા પુરૂષે કહ્યું - 'હાં, એ વાત સાચી પણ જેવો મારો પ્રવેશ થાય કે તરત જ બુધ્ધિ નાસી છૂટે છે.'

આગળ જતાં મુસાફરને બીજો પુરૂષ મળ્યો, તેને પ્રશ્નો પૂછતાં તેણે કહ્યું,

'મારું નામ લોભ છે. હું માણસની આંખમાં રહું છું.'

'પણ આંખમાં તો લજ્જા રહે છે.'

'હા, પણ મને જોઈને લજ્જા સડસડાટ ભાગી જાય છે.'

આગળ જતાં ત્રીજો પુરૂષ મળ્યો.

મુસાફરે કહ્યું, 'ભાઈ, તું કોણ છે?'

'હું ભય છું, હું માણસનાં હૃદયમાં રહું છું.'

'પણ હૃદયમાં તો હિંમત રહે છે'-

'હા - પણ હું હૃદયમાં પ્રવેશ કરું એટલે હિંમત તરત મુઠ્ઠીઓ વાળીને નાસી જાય છે.'

હવે, ચોથો પુરૂષ મળતાં એને પણ પ્રશ્ન પૂછતાં કહે,

'હું રોગ છું, હું માણસના પેટમાં રહું છું.'

'પણ પેટમાં તો તંદુરસ્તી રહે છે.'

'અરે! મારો પડછાયો પડે એટલે તંદુરસ્તી રફુચક્કર!'

જીવનમાં બુધ્ધિ, લજ્જા, હિંમત, તંદુરસ્તી મહત્ત્વનાં છે. પણ જેવો ગુસ્સો, લોભ, ભય કે રોગને પ્રવેશ થાય એટલે તેઓ ગાયબ થઈ જાય છે.

એ વાત સમજાઈ ને?

**- અફરોઝ મીરાણી**

### આ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



**બાળ મિત્રો,**

આપણા જીવનમાં ચાર વસ્તુ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે, અને એ છે બુધ્ધિ, લજ્જા, હિંમત અને તંદુરસ્તી.

આ ચારેમાંથી એક પણ વાતની ખામી હોય તો આપણું જીવન વેરણછેરણ થઇ જાય છે. સારી રીતે જીવી શકાતું નથી. આ તમામ અત્યંત જરૂરી છે, સારી અને પ્રતિષ્ઠિત જિંદગી જીવવા માટે.

અને આપણી થોડીક જ બેકાળજી કે લાપરવાહી કે આળસના કારણે જણાવેલા બુધ્ધિ, લજ્જા, હિંમત અને તંદુરસ્તી આપણા જીવનમાંથી વિદાય લઇ લે છે અને તેનું સ્થાન લે છે ગુસ્સો, લોભ, ભય અને રોગ.

આ વાત સમજાવતી એક નાનકડી વાર્તા રજૂ કરી છે. આશા છે કે તમને વાંચવી ગમશે. તો વાંચો વાર્તા...

### ભારતમાં પ્રથમ પ્રારંભ

**કાપડની મિલ : ઇ.સ. ૧૮૧૮**
**ટપાલસેવા : ઇ.સ. ૧૮૩૭**
**તારસેવા : ઇ. સ. ૧૮૩૧**
**મેડિકલ કોલેજની સ્થાપના : ઇ.સ. ૧૯૩૫**
**પ્રથમ બોલતું ચલચિત્ર : ઇ. સ. ૧૯૩૧**
**ટેલિવિઝન પ્રસારણ : ઇ. સ. ૧૯૫૯**
**અણુધડાકો (પોખરણ) : ઇ. સ. ૧૯૭૪**
**કૃત્રિમ ઉપગ્રહ (આર્યભટ્ટ) : ઇ. સ. ૧૯૭૫**